www.kamalamgujarat.com

Friday
06.11.2020
✳Volume :5 ✳ Issue No. 81

Email.: kamalamgujarat@gmail.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)




ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-


# રાષ્ટ્રનિર્માણ-રાજયના વિકાસ અને GDP ગ્રોથમાં શ્રમિકોની સ્કીલ-પરિશ્રમના સમન્વયનો મોટો ફાળો છેઃ-મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી

## મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના બે ભવનોના ઈ-લોકાર્પણ-૩ મોબાઈલ મેડીકલ વાન અને મોબાઈલ એપ ના વર્ચ્યુઅલ ઈ-લોન્ચીંગ કર્યા





















કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્ય-રાષ્ટ્રના વિકાસ અને GDP ગ્રોથમાં શ્રમિકોની સ્કીલ અને પરિશ્રમના સમન્વયનો સિંહફાળો રહેલો છે તેવો સ્પષ્ટ મત વ્યકત કર્યો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે પણ રજિસ્ટર્ડ શ્રમિકોના કલ્યાણ માટે શ્રમયોગી કલ્યાણ બોર્ડ તેમજ અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડના માધ્યમથી શ્રમિક કલ્યાણ – તેમના પરિવારના સર્વગ્રાહી વિકાસની સતત ચિંતા કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રાજય સરકારના સંશાધનો શ્રમિકો-ગરીબ, મઝદૂર છેવાડાના માનવીને સમર્પિત છે.

શ્રમિક સંતુષ્ટ હશે તો જ ઊદ્યોગોમાં ઉત્પાદન વૃદ્ધિ, ઉન્નતિ અને પ્રોડકશન તથા ર્દ્ધમાં વધારો થશે તેવા સાર્વત્રિક શ્રમિક કલ્યાણ ભાવથી સરકાર કાર્યરત છે. મુખ્યમંત્રીશ્રી ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના ઉપક્રમે આયોજિત વિવિધ યોજનાઓના ઈ-શુભારંભ તેમજ બે નવનિર્મિત ભવનના ઈ-લોકાર્પણ અવસરે ગાંધીનરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા સંબોધન કરી રહ્યા હતા. શ્રમ રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર, શ્રમયોગી કલ્યાણ બોર્ડના અધ્યક્ષ શ્રી સુનિલ સિંઘી, શ્રમ-રોજગારના અધિક મુખ્ય સચિવ શ્રી વિપૂલ મિત્રા, ઈન્ડીયન ઓઈલ કોર્પોરશનના પ્રાદેશિક એકઝીકયુટીવ ડાયરેકટર શ્રી લાંબા તેમજ વેલ્ફેર કમિશનર શ્રી હિતેશ રાહુલ ગાંધીનગરથી આ પ્રસંગે સહભાગી થયા હતા. રાજ્યના વિવિધ જિલ્લા મથકો તેમજ ઊદ્યોગોના સ્થળોએથી

### ૯૮૩૬ શ્રમયોગી અને પરિવારોને રૂ. ૨ કરોડ ૩૨ લાખની વિવિધ સહાયની ડી.બી.ટી. થી અર્પણવિધિ સંપન્ન

શ્રમયોગીઓ, એચ.આર. મેનેજર્સ અને વેપાર, ઊદ્યોગ જગતના અગ્રણીઓ આ અવસરે જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ અને વડોદરામાં કુલ ૪.૫૯ કરોડના ખર્ચે નવનિર્મિત શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર ભવનોના ઈ-લોકાર્પણ તેમજ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન દ્વારા CSR અન્વયે ૩૫ લાખના અનુદાનથી શ્રમિકોની આરોગ્ય તપાસ માટેની ૩ મોબાઈલ વાન અને મોબાઈલ એપ ના લોન્ચીંગ કર્યા હતા.

શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે, રાજ્ય-રાષ્ટ્રના ઊદ્યોગ-વેપારના વિકાસમાં શ્રમિકો- શ્રમયોગીઓ રાષ્ટ્રનિર્માણની ભાવનાથી સતત કાર્યરત છે. આ શ્રમિકો પોતાના બ્રેડ-બટરની ચિંતા નહિ, પરંતુ રાષ્ટ્ર-રાજયના આર્થિક, ઔદ્યોગિક સર્વગ્રાહી વિકાસની જવાબદારી સાથે પોતાનું કામ કરે છે. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદમાં આગ દુર્ઘટનામાં જાન ગુમાવનારા શ્રમિકો પ્રત્યે સંવેદના વ્યકત કરતાં દિવંગત આત્માઓની શાંતિ માટે બે મિનિટના મૌન સાથે આ ઈ-લોકાર્પણ કાર્યક્રમનો આરંભ કરાવ્યો હતો. ઉપસ્થિત સૌએ આ મૃતાત્માઓની શાંતિની પ્રાર્થના મૌન પાળીને કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ રાજયના શ્રમિકોને ઊદ્યોગોમાં અકસ્માતે મૃત્યુના કિસ્સામાં તેમના વારસદારોને રૂ. ૧ લાખની સહાયની શ્રમયોગી અકસ્માત મૃત્યુ સહાય યોજનાનો પણ પ્રારંભ કરાવ્યો હતો. તેમણે

### શ્રમિકોને કામકાજના સ્થળે જવા-આવવા ટ્રાન્સપોર્ટેશન માટે ''સાયકલ સબસિડી યોજનાનો શુભારંભ

શ્રમયોગીઓને પોતાના ઘરેથી કામકાજના સ્થળે જવા-આવવા માટે સરળ ટ્રાન્સપોર્ટેશન અન્વયે ''સાયકલ સબસિડી યોજનાહ્લહ્લની પણ શરૂઆત કરાવી હતી. આ યોજના અન્વયે શ્રમિકોને સાયકલ ખરીદી માટે રાજય સરકાર રૂ. ૧૫૦૦ની સહાય આપશે. આવા ૧૭૦૮ શ્રમિકોને ૩૩ લાખ ૩૦ હજારની સહાય તેમણે આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રાજ્ય સરકારે કૃષિ-ઊદ્યોગ અને સેવા-સર્વિસ સેકટર ત્રણેયના સંતુલિત વિકાસ, પ્રોપર ગ્રોથ માટે નીતિ-નિયમો, કાયદાઓ ઘડયા છે તેમાં સૌને સુરક્ષા મળે તેનું પણ ધ્યાન રાખ્યું છે. લઘુત્તમ વેતનથી લઈને અકસ્માત મૃત્યુ સહાય સુધીની વ્યવસ્થાઓ સરકારે સુનિશ્ચિત કરી છે એમ પણ તેમણે જણાવ્યું હતું. શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યુ કે શ્રમ એવ જયતે ને ચરિતાર્થ કરીને રાજયના શ્રમિકોના શ્રમના મહિમાથી તેમને દુનિયાના પડકારો ઝિલી પરાવલંબી નહિ, સ્વાવલંબી બનાવવાની દિશા રાજ્ય સરકારે લીધી છે.

મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારતનો જે મંત્ર આપ્યો છે, તેને સાકાર કરવા શ્રમિકોના શ્રમ, સરકાર અને ઊદ્યોગોના પ્રોત્સાહનથી, મહેનતથી આગળ વધવા પણ પ્રેરણા આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સમગ્ર દેશ માટે લેન્ડ ઓફ ઓપોર્ચ્યુનિટીઝ બન્યું છે તેની

### અમદાવાદ આગ દુર્ઘટનામાં જાન ગુમાવનારા શ્રમિકોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી

છણાવટ કરતા કહ્યું કે, દેશભરના રાજયોના શ્રમિકો, કારીગરો ગુજરાતમાં રોજી-રોટી માટે આવીને વસ્યા છે. રાજ્ય સરકારે કોરોના સંક્રમણમાં આવા શ્રમિકોને એકવાર પોતાના વતન-પરિવાર પાસે જવાની તેમની ઈચ્છા પૂર્ણ કરવા ૧૦ હજારથી વધુ ટ્રેન, ૨૦૦૦થી વધુ બસોની સેવાઓ આપીને આઝાદી પછીના સૌથી મોટા માઈગ્રેશનને સફળતાથી પાર પડયું છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

### શ્રમ એવ જયતે ને ચરિતાર્થ કરી શ્રમિકોને દુનિયાના પડકારો ઝિલવા પરાવલંબી નહિ-સ્વાવલંબી બનાવવાની દિશા લીધી છે

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ શ્રમિકો પણ હવે પરત આવીને પૂનઃ ઊદ્યોગ-વેપાર એકમોમાં જોડાઈ રહ્યા છે અને કોરોના સામેનો જંગ વિકાસ કામોની ગતિથી જીતવા ''હારશે કોરોના – જિતશે ગુજરાતહ્લહ્લને ચરિતાર્થ કરે છે. તેમણે કોરોના સંક્રમણ કાળમાં પણ ગુજરાતમાં ૧૩ હજાર કરોડથી વધુના વિકાસ કામો કરીને વિકાસની ગતિ અટકવા દીધી નથી તેની ભૂમિકા

### કૃષિ-ઊદ્યોગ અને સેવાક્ષેત્ર ત્રણેયના સંતુલિત વિકાસ-પ્રોપર ગ્રોથ માટે નીતિ-નિયમો-કાયદાઓમાં સૌની સુરક્ષાનું પણ ધ્યાન રાખ્યું છે

આપતાં ગૌરવ સહ જણાવ્યું કે ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન અને રોલ મોડેલ છે તે પ્રસ્થાપિત થયું છે. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે શ્રમયોગીઓના ૧૦૦ જેટલા સંતાન જેમણે સ્પર્ધાત્મક પરિક્ષાની તાલીમ મેળવી સફળતા પ્રાપ્ત કરીને સરકારી નોકરીઓ મેળવી છે તેમનું વર્ચ્યુઅલ સન્માન કર્યુ હતું. શ્રમયોગી કલ્યાણ બોર્ડની વિવિધ ૧૮ જેટલી

### દેશભરના રાજ્યોના શ્રમિકો ગુજરાતમાં ઊદ્યોગોમાં રોજી-રોટી માટે આવીને વસ્યા છે

યોજનાઓના ૯૮૩૬ લાભાર્થીઓને રૂ. ૨ કરોડ ૩૨ લાખની રકમ-સહાયનું ડી.બી.ટી ટ્રાન્સફરથી ચુકવણું પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે થયું હતું. મુખ્યમંત્રીશ્રીએ શ્રમયોગીઓની જીવનશૈલીમાં આમૂલ બદલાવ લાવતી અનેક કલ્યાણકારી પ્રવૃત્તિઓ, યોજનાઓ માટે ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડને અભિનંદન પાઠવ્યા હતા. શ્રમ રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરે જે શ્રમિકો પોતાનો

### ગુજરાત દેશનું રોલમેડેલ ગ્રોથ એન્જીન પ્રસ્થાપિત થયું છે

પરસેવો અને પરિશ્રમથી ઊદ્યોગો-વેપારને જીવંત રાખે છે તેમના કલ્યાણ, સ્વાસ્થ્ય સુખાકારીની ચિંતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સંવેદનશીલ અભિગમથી સરકાર કરી રહી છે તેની વિગતો આપી હતી. ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના અધ્યક્ષ શ્રી સુનિલ સિંઘીએ સ્વાગત પ્રવચનમાં કાર્યક્રમની આયોજન ભૂમિકા આપી હતી. વેલ્ફેર કમિશનર શ્રી હિતેશ રાહુલે સૌનો આભાર વ્યકત કર્યો હતો.

## યોગ્ય સમયે લોકડાઉન લાગુ કરવાથી અનેક જીવ બચ્યા

# કોરોના સામેની લડતમાં ટ્રમ્પ થાપ ખાઈ ગયા, મોદીએ ભારતને બચાવ્યુંઃ નડ્ડા

પટના

અમેરિકામાં ચાલી રહેલી રાષ્ટ્રપતિની ચૂંટણીની અસર ભારતના બિહારની વિધાનસભાની ચૂંટ્ણીઓમાં પણ જોવા મળી રહી છે. બિહાર વિધાનસભાની ચૂંટણીનો ત્રીજા તબક્કાનો પ્રચારનો આજે અંતિમ દિવસ છે. આજે દરભંગામાં રેલીને સંબોધિત કરતા ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જેપી નડ્ડાએ અમેરિકાની ચૂંટણીનો ઉલ્લેખ કર્યો હતો. જેપી નડ્ડાએ કહ્યું હતું કે, અમેરિકામાં ચૂંટણીના પરિણામો સામે આવી રહ્યાં છે, જ્યાં ડોનાલ્ડ ટ્રમ્પના લોકોએ કોરોનાના કારણે ઘેરાયેલા છે અને લડખડી રહ્યાં છે. પરંતુ ભારતમાં મોદીજીએ સમયસર લોકડાઉન કરીને લોકોને બચાવવાનું કામ કર્યું. ભાજપ અધ્યક્ષે આજે ચૂંટણી સભામાં કહ્યું હતું કે, જયારે ભારતમાં કોરોના વાયરસ આવ્યો અને લોકડાઉન અમલી બનાવવામાં આવ્યું તો દેશમાં ટેસ્ટ માટે માત્ર એક જ લેબોરેટરી હતી. પરંતુ આજે સરકાર દેશમાં દરરોજ લગભગ ૧૫ લાખ ટેસ્ટ કરી રહી છે. લોકડાઉન અમલી બનાવીને સરકારે તૈયારીઓ કરી, આજે પીપીઈ કિટ, વેંટિલેટર જેવા સાધનો દેશમાં જ



બનાવવામાં આવી રહ્યાં છે.

બિહારના દરભંગામાં જેપી નડ્ડાએ રાજદ પર પણ નિશાન તાક્યું હતું. જેપી નડ્ડાએ કહ્યું હતું કે, હવે બિહાર ફાનસ યુગમાંથી બહાર નિકળીને એલઈડી યુગમાં આવી ગયું છે. દેશ આજે બાહુબલમાંથી બહાર આવીને વિકાસ બળ તરફ આગળ વધી રહ્યો છે, લૂટરાજમાંથી બહાર નિઅળીને ડીબીટી તરફ જઈ રહ્યો છે.

## તંત્રી સ્થાનેથી......

ભારત સક્રિય કેસમાં સતત ઘટાડાના માર્ગ પર અગ્રેસર થવાનો અહેવાલ આપે છે. સક્રિય કેસ છેલ્લા સાત દિવસથી ૬ લાખ કરતા ઓછા છે અને હાલમાં ૫,૨૭,૯૬૨ છે. સક્રિય કેસ હવે દેશના કુલ પોઝિટીવ કેસના માત્ર ૬.૩૧% છે. રાષ્ટ્રીય વલણને પગલે ૨૭ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૦,૦૦૦ કરતા ઓછા સક્રિય કેસ છે. દેશમાં કુલ સક્રિય કેસમાંથી ૭૮% કેસ ૧૦ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશના છે. મહારાષ્ટ્ર, કેરળ, દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં સંયુક્ત રીતે ૫૧%થી વધુ સક્રિય કેસ છે. સક્રિય કેસનું ઘટતું વલણ અવિરત વૃદ્ધિ દ્વારા સાજા થયેલા કેસની દરરોજે ઘટતી સંખ્યાને પૂરક છે. કુલ સાજા થયેલા કેસ ૭,૭૧૧,૮૦૯ છે. સાજા થયેલા કેસ અને સક્રિય કેસ વચ્ચેનું અંતર લગભગ ૭૨ લાખ (૭૧,૮૩,૮૪૭) પર પહોંચી ગયું છે. રાષ્ટ્રીય સાજા થવાનો દર વધીને ૯૨.૨૦% થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૫,૩૩૧ કોવિડ દર્દીઓ સ્વસ્થ થયા છે અને તેમને રજા આપવામાં આવી છે, જ્યારે નવા પુષ્ટિ થયેલા કેસ ૫૦,૨૧૦ છે. નવા સાજા થયેલા કેસમાંથી ૮૨% કેસ ૧૦ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેન્દ્રિત હોવાનું મનાય છે. એક દિવસમાં ૮,૦૦૦થી વધુ સાજા થયેલા કેસ સાથે મહારાષ્ટ્ર, કેરળ અને કર્ણાટકનું મહત્તમ યોગદાન છે. તે બધા સાથે નવા સાજા થયેલા કેસમાં ૪૫%થી વધુ હિસ્સો ધરાવે છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૦,૨૧૦ નવા પુષ્ટિ થયેલ કેસ નોંધાયા છે. નવા કેસમાંથી ૭૯% કેસ ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેન્દ્રિત જોવા મળે છે. કેરળ હજી પણ ૮૦૦૦ થી વધુ કેસ સાથે મોખરે છે. ત્યારબાદ દિલ્હીમાં ૬૦૦૦થી વધુ કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૦૪ લોકોના મૃત્યુ નોંધાયા છે. જેમાં દસ રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશો નવા મૃત્યુઆંકના લગભગ ૮૦% હિસ્સો ધરાવે છે. નવા નોંધાયેલ મૃત્યુઆંકના ૪૨% થી વધુ મૃત્યુ એકલા મહારાષ્ટ્ર (૩૦૦ લોકોનાં મોત)માં થયા છે.

### ઓનલાઈન શૈક્ષણિક કેમ્પ અને લર્નિંગ દ્વારા બાળકો અને શિક્ષકોને નવી દિશા મળી

# સમગ્ર ગુજરાત રાજયમાં સૌપ્રથમ ઓનલાઇન સમર કેમ્પ શરૂ કરનાર શિક્ષકને સર ફાઉન્ડેશન નો ઈનોવેશન એવોર્ડ એનાયત કરાશે

કમલમ દૈનિક,

આજના પ્રવર્તમાન સમયમાં શિક્ષણમાં ટેકનોલોજી નો ભરપુર ઉપયોગ કરી શિક્ષણમાં અદ્યતન આમૂલ પરિવર્તન આવ્યું. બાળકો શાળામાં શિક્ષણ મેળવી પ્રવૃત્તિ દ્વારા નવું નવું શીખી શકે અને વિવિધ રમતોમાં પોતાના કૌશલ્ય નો વિકાસ કરી શકે તે માટે અમદાવાદ જિલ્લાની રોપડા પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા નિશીથ આચાર્ય એ વિવિધ નવતર પ્રયોગ કર્યા છે. તેઓએ ચાલુ વર્ષે કોરોના મહામારી દરમિયાન લોક ડાઉન ના સમયમાં બાળકો શિક્ષણથી વંચિત ન રહે અને સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા બાળક જ્ઞાનનું સર્જન કરી શકે તે હેતુ સાથે સમગ્ર




**સમર કેમ્પમાં શાળાના ૧૨૦૦ જેટલા વિધાર્થીઓ અને ૩૦૦ જેટલા શિક્ષકો - વિવિધ શૈક્ષણિક સંસ્થાને જોડી શિક્ષણની જ્યોત જાાવી....**

રાજ્યમાં ઓનલાઈન સમર કેમ્પ ચલાવ્યો. જેમાં વિવિધ શાળાના ૧૨૦૦ જેટલા વિધાર્થીઓ જોડાયા અને ૩૦૦ જેટલા શિક્ષકો તથા વિવિધ શૈક્ષણિક સંસ્થા પણ જોડાઈ હતી. દસક્રોઈ તાલુકાની રોપડા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક નું મૂળ વતન અમદાવાદ જિલ્લાનું ધંધુકા ગામ છે તેઓએ અત્યાર સુધી શૈક્ષણિક ઈનોવેશન માટે અનેક નવતર પ્રયોગો નું આયોજન કરેલ છે જેમાં સમગ્ર શિક્ષણ ને ધ્યાનમાં રાખી નીત-નવા આ અભિગમ દ્વારા બાળકોને અને તેઓના વાલીને શિક્ષણ સાથે જોડવા સાથે શાળા અને ગામનો પણ વિકાસ જોડાયેલો છે. તેઓના આ નવતર અભિગમ ની નોંધ જિલ્લાના ઈનોવેશન ફેર અને એજ્યુકેશન બેંક અમદાવાદ આઈઆઈએમ દ્વારા લેવામાં આવેલ છે. મુખ્ય શિક્ષક તરીકે તેઓ કહે છે કે, 'દરેક બાળક ખાસ છે... દરેક બાળકમાં અલગ-અલગ કાર્ય કરવાની અને અભ્યાસ કરવાની ક્ષમતા રહેલી છે... શિક્ષક તરીકે માત્ર આપણે તેઓના યોગ્ય માર્ગદર્શક બની તેઓને નવસર્જન દ્વારા દુનિયાના દર્શન કરાવવાના છે....'સર ફાઉન્ડેશન સોલાપુર મહારાષ્ટ્ર દ્વારા સમગ્ર દેશમાંથી ૨૫ જેટલા શિક્ષકો તથા ગુજરાત રાજ્યમાંથી ૯ જેટલા શિક્ષકો ની તેઓએ કેટલાક વિશિષ્ટ કાર્ય મુજબ પસંદગી કરવામાં આવી છે. તેમાં નિશીથ આચાર્ય ના ઈનોવેશનને પણ સ્થાન મળ્યું છે. ઈનોવેશન માટે નવતર વિચાર, તેનું અમલીકરણ અને તેના પરિણામ ને આધારે સમગ્ર એવોર્ડ માટે પસંદગી કરવામાં આવે છે... સર ફાઉન્ડેશન, સોલાપુરના સંયોજક દ્વારા મળેલ માહિતી મુજબ ચાલુ વર્ષે કોરોના મહામારી હોવા છતાં શિક્ષકો દ્વારા બહોળી સંખ્યામાં નવતર પ્રયોગો કરવામાં આવ્યા. જેમાંથી પસંદ થયેલ શિક્ષકોને સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ એટલે કે યુવા દિવસ ૧૨ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ યોજાનાર રાષ્ટ્રીય કાર્યશાળામાં આવા સમગ્ર દેશના ઈનોવેટિવ ટીચર્સનું સન્માન કરવામાં આવશે અને જો કોરોના મહામારી ને લીધે જો કોન્ટેસ્ટનું આયોજન નહીં થાય તો વર્ચ્યુઅલ પ્લેટફોર્મ દ્વારા પણ સન્માન સમારોહ યોજી અને શિક્ષકોને સમ્માનિત કરવામાં આવશે... ટેકનોલોજી, સંવેદના અને કોઈ પણ ભોગે બાળકોને ભણાવવાની ધગશને પગલે નિશીથભાઈની પસંદગી એ અમદાવાદ જિલ્લાનું ગૌરવ છે.. સલામ છે આવા કર્મનિષ્ઠ શિક્ષકોને...

# મેઘરજ પોલીસના છ વર્ષથી ભાગેડુ આરોપીને અમદાવાદથી દબોચતી અરવલ્લી પેરોલ ફ્લો સ્કવોર્ડ.



કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતે જીલ્લામાં ગુનાખોરીમાં સંડોવાયેલ નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની તાકીદ પછી પોલીસ તંત્ર સતર્ક થતાં અલગ અલગ ગુનાખોરીમાં નાસતા ફરતા આરોપીઓને પોલીસ તંત્ર બાતમીદારો અને એજન્સીઓને કામે લગાડી શોધી કાઢવામાં સફળ સફળ થઈ રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ તા. ૪'નવેમ્બર,૨૦૨૦ ના રોજ અરવલ્લી જીલ્લા પેરોલ ફ્લો સ્કવોર્ડ પોલીસના સબ ઈન્સ્પેકટર કે. એસ. સિસોદીયા અને તેમની ટીમના માણસો ક્રુષ્ણનગર પોલીસ પોલીસ મથક, અમદાવાદ શહેરમાં નાસતા ફરતા આરોપીઓની શોધમાં હતા ત્યારે ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે, મેઘરજ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી નં. ૧૩/૨૦૧૪ ઈ પી કો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનામાં સંડોવાયેલ છેલ્લા છ વર્ષથી ભાગેડુ આરોપી કેવડાજીની ચાલી ભયાજીના મકાનમાં રહે છે. તેવી બાતમીના આધારે પોલીસે કેવડાજીની ચાલી ભયાજીના મકાનની નજીક છાપો મારી જગ્યા કોર્ડન કરી આરોપી ગોવિંદભાઈ મણીલાલ સરપોટા ઉં વ. ૨૬.રહે. ગંધવા (વાણીયાતવાવ) તા. જોથરી જી. ડુંગરપુર રાજસ્થાન ને દબોચી લઈ આગળની કાર્યવાહી સારૂ મેઘરજ પોલીસને સોંપેલ છે.

### ૬૨ દિવસના કાર્યકાળમાં ૧૭૫ જેટલા યુવા ડોક્ટરોને ડો.મેહુલ

# ડો.મેહુલની કુનેહપૂર્વક કાર્યદક્ષતાને એક દર્દીના સ્વજને પ્રશશસ્તિ પત્ર આપી બિરદાવી

**કોરોનાને નાથવા ૬૨ દિવસથી રાઉન્ડ ધ ક્લોક નેપથ્યમાં રહીને સમરસનું સંચાલન કરતાં નોડલ ઓફિસરશ્રી ડો.મેહુલ પરમાર**





કમલમ દૈનિક, રાજકોટ,

"ડો.મેહુલ, આજે એડમિટ થયેલા ૫ દર્દીઓને ક્યા વોર્ડમાં રાખવાના છે? આ દવાઓને ક્યાં ટ્રાન્સફર કરવાની છે ? ડૉક્ટર્સની શિફ્ટ ડ્યુટી ગોઠવાઈ ગઈ " આ અને આવા અઢળક પ્રશ્નો સમરસ હોસ્ટેલમાં કોરોનાને નાથવા માટે કાર્યરત આરોગ્યકર્મીઓ સમરસના નોડલ ઓફિસરશ્રીને પૂછે છે અને પોતાની ત્વરિતનિર્ણય શક્તિ થકી આ તમામ નાના-મોટા પ્રશ્નોનાં હસતાં મુખે પ્રત્યુતર આપતા આરોગ્યકર્મી એટલે ગાયનેકોલોજિસ્ટ ડો. મેહુલ પરમાર... જે છેલ્લા ૬૧ દિવસથી કોરોનાગ્રસ્ત દર્દીઓને કોરોનામુક્ત કરવામાં દિવસ રાત રાઉન્ડ ધ ક્લોક કાર્ય કરી રહ્યા છે. અંદાજે ૯ મહિનાથી છવાયેલા કોવિડ - ૧૯ ના ઘનઘોર અંધકાર વચ્ચે માનવસેવાનાં દીપનાં અજવાશને સાચવી સતત કાર્યરત કોરોના યોદ્ધાઓ કોરોના સામે ઢાલ બનીને આપણી શારીરિક સુખાકારી માટે અવિરત લડાઈ લડી રહ્યા છે. હાલ દિવસ-રાત જોયા વિના ડોક્ટર્સ, નર્સ તેમજ પેરામેડિકલ સ્ટાફ ખડેપગે પોતાની ફરજ નિભાવી રહ્યાં છે. પરંતુ સમરસ હોસ્ટેલમાં ડો.મેહુલ એક એવા વ્યક્તિ છે કે જેઓ નેપથ્યમાં રહીને ખૂબ મહત્વપૂર્ણ જવાબદારી સંભાળી રહ્યા છે. પોતાની કાર્યપ્રણાલી વિશે જણાવતા ડો. મેહુલ પરમાર જણાવે છે કે,"હાલ હું સમરસ હોસ્ટેલમાં નોડલ ઓફિસર તરીકે કાર્ય કરું છું, સમરસમાં કોઈ પણ કામગીરી માટે માણસોની વ્યવસ્થા કરવી, ક્યાં વોર્ડમાં ક્યાં સ્ટાફની ડ્યુટી ગોઠવવી, દરેક વોર્ડમાં સ્વચ્છતા અને સુઘડતા જળવાઈ રહે તે માટેની વ્યવસ્થા કરવી,ડોક્ટર્સ,નર્સ તેમજ દર્દીઓની તમામ પ્રકારની સમસ્યાનું નિવારણ કરવું તેમજ તમામ નિયમોના પાલન સાથે સમગ્ર હોસ્પિટલની કામગીરીનું સંચાલન જેવી તમામ બાબતો હું સાંભળું છું, અહીં રાઉન્ડ ધ ક્લોક કાર્યરત ફિઝિશિયન, રેસિડેન્ટ ડોક્ટર, એનેસ્થેટીસ્ટસ, ઈન્ટર્ન ડોક્ટર્સ, નર્સીંગ સ્ટાફ સહિતનો પૂરતો સ્ટાફ અને પૂરતા પ્રમાણમાં દવાઓ તથા ઓક્સિજનનો જથ્થો ઉપલબ્ધ છે, આ ૬૨ દિવસના કાર્યકાળમાં અમારી પાસે લગભગ ૧૦૦ મેડિકલ ઓફિસર, ૩૫ રેસિડેન્ટ ડોકટર્સ અને ૫૦ ઈન્ટર્ન ડોકટર્સ આવ્યા છે અને તેમને આ મહામારીમાં કઈ રીતે કાર્ય કરવું તેની તાલીમ આપવાની જવાબદારી પણ મારા ફાળે આવી હતી, મને વિશ્વાસ છે કે તેઓ અહીંથી સારવારનું સચોટ જ્ઞાન શીખીને ગયા છે, અમે અહીં સતત દર્દીઓને કોરોનામુક્ત બનાવવા માટે પ્રયત્નશીલ છીએ અને કોરોનામુક્ત થયા બાદ સ્વસ્થ થતા હસતાં મુખે કોરોનામુક્ત દર્દીઓ તેમના સ્વગૃહે પરત ફરે છે તે અમારે માટે ગર્વની વાત છે."

આપણા ઘરમાં એક દિવસ માટે મહેમાન આવે તો પણ આપણે તેમની આગતા-સ્વાગતા કરીને થાકી જઈએ છીએ ત્યારે ડો.મેહુલ તો ઓગસ્ટ માસથી નિરંતર સમરસને પોતાનું ઘર માની અહીં આવતાં તમામ દર્દીઓની નિસ્વાર્થ ભાવે સેવા-સુશ્રુષા કરી રહ્યાં છે. સમરસમાં ઘણા કામ એવાં પણ હોય જે લાંબો સમય માંગી લે. પરંતુ તે કામને પણ ઓછામાં ઓછા સમયમાં અને ઉત્સાહપૂર્વક પૂરું કરવું તે ડો.મેહુલની ખાસિયત છે. એ માટે એક દર્દીના સ્વજને ખાસ પ્રશસ્તિ પત્ર આપીને તેમની કાર્યદક્ષતાને બિરદાવી હતી. આમ, સમરસ હોસ્ટેલમાં આવતાં પ્રત્યેક દર્દીને દર્દીનારાયણ માની તેને સ્વસ્થ કરવા માટે હકારાત્મકતાનો સ્ત્રોત બનતા ડો.મેહુલ કોરોનાના આ કપરા કાળમાં માનવસેવાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ બની ઉભર્યા છે. તેમની કાર્યનિષ્ઠાને સો સો સલામ.

# કોરોના નામક શત્રુને હંફાવવા સતર્કતા, સહિષ્ણુતા, સંભાળ અને સમયસર સારવારરૂપી ચાર આયુધોને જીવનયુધ્ધમાં ઉતારવા આવશ્યક - ડો. મયુરસિંહ પરમાર



કમલમ દૈનિક, રાજકોટ

કોરોના વાઈરસ સામે આજે આખો દેશ લડી રહ્યો છે, પણ યાદ રાખો - આપણે બીમારીથી લડવાનું છે, બીમારથી નહી, તેની સંભાળ રાખો..... અંદાજે ૭ મહિનાથી સંભળાતી આ કોલર-ટ્યુન આજે લોકોના દિલો-દિમાગમાં એક મહત્વનું સ્થાન પ્રાપ્ત કરી ચુકી છે. કોરોનારૂપી મહામારીમાંથી નાગરિકોને રક્ષિત કરવા કેન્દ્ર અને રાજ્ય સરકાર મહિનાઓથી અનેક મોરચે ઝુંબેશ ચલાવી રહી છે. કોવિડ-૧૯ નામક અદશ્ય શત્રુને પરાજિત કરવા આપણાં આરોગ્યકર્મીઓ ચોવીસે કલાક નિષ્ઠાપૂર્વક પોતાની કામગીરી નિભાવી રહ્યાં છે. ત્યારે વાત છે એપ્રિલ માસથી સતત કોરોનાની કામગીરી સાથે સંકળાયેલા ડો. મયુરસિંહ મહિપતસિંહ પરમારની. કોરોના વાઈરસને માનવીનો અદશ્ય દુશ્મન ગણાવી કોરોનાકાળના પોતાનાં તબીબી અનુભવોનું વર્ણન કરતાં તેઓએ જણાવ્યું હતું કે, મેડિકલ ક્ષેત્રમાં અનેક રોગનો તાગ અને ઈલાજ મેળવવો મુશ્કેલ હોય છે, કોવિડ-૧૯ વાઈરસ પણ એમાંનો એક છે. હાલ તો કોરોનાની પરિસ્થિતિમાં મહ્દઅંશે સુધાર આવ્યો છે પરંતુ આ સ્થિતિ જાળવી રાખવા માટે આપણે સૌએ સતર્કતા, જાતની કાળજી અને જાહેર સ્થળોએ માસ્કનો ઉપયોગ અને અન્ય વ્યક્તિથી નિશ્ચિત અંતર રાખવું અતિ આવશ્યક છે. ખાસ કરીને દિવાળીનાં તહેવારમાં વિશેષ કાળજી રાખવી જરૂરી છે. રાજકોટની પદ્મકુંવરબા હોસ્પિટલમાં ફરજ બજાવતાં ડો. મયુરસિંહે વધુમાં જણાવ્યું હતું કે, કોરોનાનાં પ્રારંભ કાળમાં અમે જંગલેશ્વર, સમરસ કોવિડ કેર સેન્ટર, કોર્પોરેશન ઓફિસ સહિતના સ્થળો પર જઈને કોરોનાના રેપિડ ટેસ્ટની કામગીરી કરી હતી અને હાલમાં પણ હોસ્પિટલ ખાતે આર.ટી.પી.સી.આર. ટેસ્ટની કામગીરી શરૂ જ છે. કોરોનાનાં વહેલાસર નિદાનથી દર્દીની ઝડપથી સાજાં થવાની શક્યતા વધી જાય છે. કોરોનાથી બચવા માટે નિયમિત આહાર-વિહાર, વ્યાયામ, સૂર્યનમસ્કાર, પૂરતી ઉંઘ અને સમયાંતરે આયુર્વેદિક ઉકાળા અને ઔષધિઓનું સેવન કરવું હિતાવહ છે. તો ચાલો, આપણે સૌ સાથે મળીને કોરોનાને હરાવવાનો સંકલ્પ કરીયે, સ્વયં અને પોતાના પરિવારની કાળજી સાથે કોરોનાની કામગીરી સાથે જોડાયેલાં કર્મયોગીઓને પુરૂં સન્માન આપીએ, કારણકે, જો આ યોદ્ધાઓની સંભાળ રાખશો તો કોરોનાથી જીતશે દેશ આખો

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદારો દ્વારા બેંક ઓફ બરોડાના આસીટન્ટ જનરલ મેનેજરશ્રીની મુલાકાત લઈ નિકાસકારોને જનરલ મેનેજરશ્રીની મુલાકાત લઈ નિકાસકારોને જનરલ મેનેજરશ્રીની મુલાકાત લઈ નિકાસકારોને ોભયક સ્કિમ હેઠળના મળવાપાત્ર લાભ બાબતે રજુઆત કરવામાં આવેલ





કમલમ દૈનિક,

હાલમાં બેંક ઓફ બરોડા મેઈન બ્રાન્ચના નવ નિયુકત થયેલ આસીસટન્ટ જનરલ મેનેજરશ્રી એલ્ લિવ્યોન ની રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા તથા માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ શુભેચ્છા મુલાકાત લઈ બેકીંગ સેવાને લગતા વિવિધ પ્રશ્નોની રજુઆત કરેલ્ જેમાં નિકાસકારો હાલ કોરોના મહામારીના લોકડાઉનમાંથી પસાર થઈ રહયા છે તથા આર્થકિ મંદીનો સામનો કરી રહયા છે અને ધંધા–રોજગાર ઉપર ગંભીર અસર પડી રહી છે્ ત્યારે કેન્દ્ર સરકારની નિકાસકારો માટેની ોભયક સ્કિમ તા્૩૧–૧૨–૨૦૨૦ ના રોજ પુર્ણ થઈ રહી છે્ અને તા્૧–૯–૨૦૨૦ ત્રણ મહિના સુધીના ોભયક સ્કિમના સરકારશ્રી દ્વારા ૫૦૦૦ હજાર કરોડના લાભ નિકાસકારો માટે ફાળ વવામાં આવેલ છે્ જે લાભ નિકાસકારોને વહેલા તે પહેલાના ધોરણે મળવાપાત્ર છે્ પરંતુ તેનું સંપુર્ણ કામકાજ બેંક ઓફ બરોડાની બેંક ઓફિસ અમદાવાદથી થઈ રહયું છે જેથી ત્યાં પુરતો સ્ટાફ ન હોય અને સમય નો વ્યય પણ થતો હોવાથી નિકાસકારોને ોભયક સ્કિમનો ઉજા લાભ પણ મળી શકે તેમ નથી તેથી રાજકોટની બેંક ઓફ બરોડાની મેઈન બ્રાન્ચમાં તેનું કામકાજ સોંપવામાં આવે તો નિકાસકારો આ સ્કિમનો યોગ્ય લાભ લઈ શકે અને સમય પણ બચી શકે તેવી રાજકોટ ચેમ્બર દ્વારા રજુઆત કરવામાં આવેલ્ જેને માન્ય રાખી આસીસટન્ટ જનરલ મેનેજરશ્રીએ હકારાત્મક અભિગમ દર્શાવી તેનો યોગ્ય નિકાલ લાવવા ખાત્રી આપેલ છે્ તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે્

### આ જમાનામાં ગેરેન્ટી વગર ૧ લાખની સહાય કોણ આપે? પણ સરકારે અમને મદદ કરી છે.

# વ્યવસાયકારોને આત્મબળ પુરૂં પાડી રહી છે ' આત્મનિર્ભર યોજના'

**"પ્રજાવત્સલ રાજ્ય સરકારની આત્મનિર્ભર યોજનાની સહાયને કારણે ફુટવેરનો મંદ થયેલો ધંધો ફરી ફાસ્ટ મોડમાં આવી**








કમલમ દૈનિક, રાજકોટ,

પરિવાર સાથે શાંતિ પૂર્ણ જીવન જીવી તેમની પ્રાથમિક જરૂરીયાતો સંતોષવા ધંધાદારીઓ ચાલતા ધંધાને આગળ ધપાવવા માટે રાત-દિન મહેનત કરતાં હોય છે પણ કોરોનાની મહામારીએ તેમની મહેનત પર એકાએક પાણી ફેરવી દીધું હતું. લોકડાઉનના થોડા સમય પહેલા શરૂ કરેલા અને જામેલા ધંધાને અનલોક બાદ ફરી વેગવાન બનવવા માટે એડીચોટીના જોર અને હકારાત્મક અભિગમ સાથે વેપારીઓ ફરી મેદાનમાં ઉતર્યા. પરંતુ લોકડાઉનમાં આવક સ્ત્રોત બંધ થતાં ધંધાને આગળ ધપાવવા વેપારીઓને આર્થિકબળ અને આત્મબળના સહારાની ખાસ્સી એવી જરૂર હતી. વેપારીઓની આ ભાવનાને સમજી ફરી પગભર કરવા ટેકો બની છે પ્રજાવત્સલ રાજ્ય સરકાર અને આત્મનિર્ભર યોજના. જંકશન પ્લોટમાં સાંઈ ચાખડી નામની ફુટવેરની દુકાન ચલાવતા અમૃતભાઈ દુધાણીના ધંધામાં આત્મનિર્ભર યોજનાએ નવા પ્રાણ ફુંક્યા છે. આત્મનિર્ભર યોજનાના લાભને કારણે ધંધામાં આવેલા સકારાત્મક પરિવર્તન અંગે વાત કરતાં અમૃતભાઈએ કહ્યું હતું કે, "જ્યારે કોઈએ અમારી સામે જોયું નથી ત્યારે સરકારે અમારી સામે જોયું છે. અનલોક બાદ ધંધાને ફરી બેઠો કરવો મુશ્કેલ હતો. પૈસા નહોતા, નવો માલ ખરીદવો હતો, આવકનો બીજો કોઈ સ્ત્રોત નહોતો કે તેનાથી ધંધામાં મુડી રોકી શકીએ પરંતુ આત્મનિર્ભર યોજનાએ અમારી બધી ચિંતા દૂર કરી દીધી છે." એકપણ પ્રકારની ફરિયાદ કે ધક્કા ખવડાવ્યા વિના બેંકએ અમારી લોન પાસ કરી દીધી હતી. હાથમાં મુડી આવતા જ કેસ ડિસ્કાઉન્ટથી નવો માલ ખરીદ્યો. અમારા અને ધંધામાં નવો જુસ્સો આવ્યો. હાલ મંદ થયેલો ફુટવેરનો ધંધો ફરી ધીમે ધીમે ફાસ્ટ મોડમાં આવી રહ્યો છે. પ્રજાવત્સલ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો ખુબ આભાર. આ જમાનામાં વગર ગેરેન્ટીએ કોણ રૂપિયા આપે? પણ સરકારે અમારી મદદ કરી છે તેમ અમૃતભાઈએ કહ્યું હતું. આમ આત્મનિર્ભર યોજના ધંધાદારીઓનું આત્મબળ વધારીને તેમના ધંધાને વેગવંતુ બનાવવા મહત્વની ભુમિકા ભજવી રહી છે.

## ઈન્દોરના ૧૭ વર્ષીય સંદીપના ગળાનો મણકો સંપૂર્ણપણે ફરી ગયો હતો..

# ઈન્દોરના ઈન્દરભાઈએ સિવિલ હોસ્પિટલ વિશે સંદીપને પ્રતિભાવ આપતા કહ્યું "તમને થયેલી ઈજાની શ્રેષ્ઠ સર્જરી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જ થઈ શકશે"

### સિવિલના સ્પાઈન સર્જન દ્વારા અતિ ગંભીર ગણાતી એટલાન્ટો એક્સીઅલ ડીસલોકેશન સર્જરી કરીને તેને પૂર્વવત કરાયુ








કમલમ દૈનિક,

ઈન્દોરમાં રહેતા ૧૭ વર્ષીય સંદીપ ૮ મહીના પહેલા એકાએક પડી જવાથી હલન-ચલનમાં તકલીફ પડવા લાગી. ધાબા પરથી પડી જવાથી તેમના ગળાના મણકામાં ગંભીર ઈજા થઇ હતી.. જેના કારણે તેમનું પરિવાર ખૂબ જ ચિંતિત હતુ. ખેતમજૂરી કરીને પોતાના પરિવારનું ગુજરાન કરતુ આ પરિવાર પોતાના દિકરાની ઈજાની સારવાર માટે ઈન્દોરની સરકારી તેમજ અન્ય ખાનગી હોસ્પિટલમાં ઠેર-ઠેર ધક્કા ખાધા, પરંતુ બધા તબીબોએ સર્જરી કરવાની ના પાડી દીધી...અન્ય એક તબીબે સર્જરી માટે તૈયારી દાખવી તો તે અતિ ખર્ચાળ હતી. જે આ ગરીબ પરિવારને પરવળે તેમ ન હતુ.

એવામાં સંદીપના સગા ઈન્દર ભાઈ કે જેઓએ અગાઉ ૩ થી ૪ વખત ઈન્દોર થી અમદાવાદ સિવીલ આવી તેમના ઓળખીતા દર્દીઓની સારવાર સિવિલના ઓર્થોપેડિક વિભાગમાં કરાવી હતી તેઓએ સંદીપને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવવા કહ્યુ.

ઈન્દર ભાઈએ સંદીપને સિવિલ હોસ્પિટલ અને ખાસ કરીને ઓર્થોપેડિક અને સ્પાઈન વિભાગનો હકારાત્મક પ્રતિભાવ આપતા સંદીપ અને તેમના પરિવારે પણ સિવિલ હોસ્પિટલમાં આવીને જ સર્જરી કરાવવાની પ્રતિબધ્ધતા દાખવી અને બીજા જ દિવસે તેઓ સિવિલ હોસ્પિટલ આવી પહોંચ્યા... સિવિલ હોસ્પિટલ આવ્યા ત્યારે તેમનું એક્સ-રે, એમ.આર.આઈ. અને સી.ટી.સ્કેન કરવામાં આવ્યુ. જેમાં જાણવા મળ્યુ કે તેમને એટલાન્ટો એક્સીઅલ ડીસલોકેશન નામની ગંભીર ઈજા થઇ છે. સામાન્ય પણે આવી ઈજામાં મણકો ડાભી અથવા જમણી બાજુએ ખસી જતો હોય છે પરંતુ સંદીપના કીસ્સામાં ગળાના ભાગ નો પહેલો-બીજો મણકો (એટલાન્ટો એકસીઅલ ડીસલોકેશન) ધૂમી ગયો હતો જે કારણોસર આ સર્જરી અતિગંભીર બની રહી હતી.. સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડેન્ટ અને સ્પાઈન સર્જરી વિભાગના વડા ડૉ.જે.પી. મોદી અને તેમની ટીમ માટે પણ આ પ્રકારની સર્જરી પડકારજનક બની રહી હતી . તેઓએ પોતાની સ્કીલ દ્વારા ન્યુરોનીટરીંગ સાથે આ સર્જરી હાથ ધરીને સંદીપના ગળાના મણકાના ભાગને પૂર્વવત કર્યુ..આ પ્રકારની સર્જરીમાં દર્દીના નાના મગજની ખૂબ જ નજીક રહીને સંપૂર્ણ સર્જરી કરવી પડે છે જેમાં નાના મગજને પણ ઈજા પહોંચવાની શક્યતાઓ રહેલી હોય છે જેના કારણે દર્દીને આઈ.સી.યુ. મા પણ દાખલ કરવા પડે. પરંતુ ડૉ. મોદીની નિપુણતા ના કારણે આ સર્જરી કોઈપણ પ્રકારની અન્ય ગંભીર સમસ્યા વગર સફળતાપૂર્વક પાર પડી.આજે સંદીપ સંપૂર્ણ પણે સ્વસ્થ અને સાજો થયો છે અને હલન ચલન કરી શકવા સક્ષમ બન્યો છે અને ટૂંક સમયમાં તેને રજા આપવામાં આવશે. સિવિલ સુપ્રીન્ટેન્ડેન્ટ અને સ્પાઈન સર્જરી વિભાગના વડા ડૉ. જે.પી. મોદી કહે છે કે સંદીપના ગળાના ભાગની સર્જરી પડકારનજક હતી. પરંતુ અમારી ટીમ દ્વારા તે સફળતાપૂર્વક પાર પાડવામાં આવી છે. અમારા ત્યાં મધ્યપ્રદેશ , રાજસ્થાન અને મહારાષ્ટ્રથી વિવિધ દર્દીઓ સર્જરી અર્થે હોસ્પિટલમાં આવતા હોય છે.. તેમના પ્રતિભાવ તેઓ પોતાના રાજ્યમાં ઘરે પહોંચીને અન્ય દર્દીને આપે છે જે કારણોસર અન્ય દર્દીઓ સિવિલ હોસ્પિટલમાં ફક્ત વિશ્વાસ જ નહીં પરંતુ શ્રધ્ધા સાથે સર્જરી માટે આવે છે.. અમારા તબીબોના પૂરા પ્રયત્નો રહે છે કે અમે તમામ દર્દીઓના વિશ્વાસ પર ખરા ઉતરીએ...

# હવે હું ગમે ત્યાં, ગમે ત્યારે ખેતપેદાશ વેચી શકું છું: પ્રેમજીભાઈ પટેલ

### સાત પગલા ખેડૂત કલ્યાણના કાર્યક્રમ અંતર્ગત કિસાન પરિવહન યોજનાનો લાભ લઈ ખેતપેદાશને બજાર સુધી પહોંચાડવામાં આત્મનિર્ભર બન્યા ધરતીપુત્ર શ્રી પ્રેમજીભાઈ પટેલ

### કિસાન પરિવહન યોજના : ખેતપેદાશોના પરિવહન માટે નાના વાહન ખરીદવા માટે ખેડૂતોને રાજ્ય સરકારની રૂ. ૫૦ થી ૭૫ હજાર સુધીની સહાય ઉપલબ્ધ

કમલમ દૈનિક,

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના મણિપુર ગામના ખેડૂત શ્રી પ્રેમજીભાઈ પટેલ માટે હવે ખેત-પેદાશની બજારની 'વધુ નજીકહ્વ પહોંચ્યા છે. મુખ્યમંત્રીશ્રીના સાત પગલાં ખેડૂત કલ્યાણ કાર્યક્રમ હેઠળ કિસાન પરિવહન યોજનાનો લાભ લઈ પ્રેમજીભાઈ ખેતપેદાશના વેચાણમાં આત્મનિર્ભર બન્યા છે. પ્રેમજીભાઈ પટેલ ૧૫ વીઘા જમીન ધરાવે છે. કપાસ,એરંડા,ઘઉં અને શાકભાજીની ખેતી કરતાં પ્રેમજીભાઈને ખેતપેદાશો વેચાણ માટે બીજા પર નિર્ભર રહેવું પડતું હતું. ગામની નજીકના સેન્ટરમાં ખેતપેદાશ વેચવા માટે જતા ત્યારે વાહન ભાડે કરવું પડતુ હતું. પ્રેમજીભાઈ તેમનો ભૂતકાળના અનુભવો વહેચતા કહે છે, 'હ્વઅગાઉ ખેતપેદાશ વેચવા માટે વાહન ભાડે કરતાં. માલ ઓછો હોય તો બીજા ખેડૂતો પણ માલ વેચવા તૈયાર થાય તેની રાહ જોવી પડતી. જો એકલા માલ લઈ જઈએ તો ભાડુ મોઘું પડતું. પણ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. પ્રેમજીભાઈએ માલ પરિવહન માટે નાનું વાહન ખરીદી લીધું છે,જેથી ખેતપેદાશ વેચવામાં સમય અને સગવડ બંને સચવાય. અને આ માટે તેમણે સાત પગલા કૃષિ કલ્યાણના કાર્યક્રમ અંતર્ગત ચાલતી કિસાન પરિવહન યોજનાનો લાભ લીધો. આ યોજના હેઠળ પ્રેમજીભાઈને રાજ્ય સરકારની રૂ. ૭૫,૦૦૦ ની સહાય મળી છે. તેઓ આ યોજનાના લાભ વિશે વાત કરતાં કહે છે , આ યોજના વિશે ગામના અગ્રણીઓ એ વાત કરી એટલે અમે IKhedut પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી અને મેસેજ આવ્યો કે તમે આ યોજના માટેની પાત્રતા ધરાવો છો. ત્યારબાદ ગ્રામસેવકે અમને આ અંગેનો લેટર આપ્યો અને અમને યોજનાનો લાભ મળ્યો. પ્રેમજીભાઈએ રાજ્ય સરકારની યોજનાનો લાભ લઈ 'મારુતિ સુપર કેરીહ્વ(માલ વાહક વાહન) ખરીદ્યું છે. જેથી ખેતપેદાશને બજારમાં લઈ જવામાં સરળતા રહેશે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર સાત પગલા કૃષિ કલ્યાણના કાર્યક્રમ હેઠળ ખેતપેદાશોના પરિવહન માટે નાના વાહન ખરીદવા માટે રૂ. ૫૦ થી ૭૫ હજારની સહાય કરે છે.

# ૧૭૩-ડાંગ વિધાનસભા પેટા ચૂંટણી ; ડાંગ જિલ્લામાં નોંધાયુ ૭૫.૦૧ ટકા મતદાન

### સૌથી વધુ ૯૫.૨૮ ટકા મતદાન ધુલચોંડ મતદાન મથકે તથા સૌથી ઓછુ ૪૪.૯૪ ટકા સાપુતારા મથકે નોંધાયુ









કમલમ દૈનિક, ડાંગ

રિપોર્ટ- અમરનાથ જગતાપ

૧૭૩-ડાંગ વિધાનસભા મતદાર વિભાગની તા.૩જી નવેમ્બરના રોજ પેટા યોજાયેલી ચૂંટણીમા ૭૫.૦૧ ટકા જેટલુ મતદાન નોંધાયુ છે.તા.૩/૧૧/૨૦૨૦ના રોજ સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી યોજાયેલા મતદાન માટે ડાંગ જિલ્લામા નોંધાયેલા કુલ ૮૯૪૧૭ પુરુષ મતદારો, ૮૮૭૬૭ સ્ત્રી મતદાર, તથા ૨ અન્ય જાતિના મતદાર મળી કુલ ૧૭૮૧૮૬ મતદારો નોંધાયા હતા. જે પૈકી ૬૬૧૭૧ પુરુષ, અને ૬૬૮૭૩ સ્ત્રી મળી કુલ ૧૩૩૦૪૪ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરતા અહી ૭૪.૦૦ ટકા મતદાન નોંધાયુ હતુ. આ ઉપરાંત ૬૧૫ ઈ.ડી.સી. મત (ઈલેકશન ડ્યુટી સર્ટીફીકેટ) સાથે અહી કુલ ૭૫.૦૧ ટકા મતદાન નોંધાયુ છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ગત મોડી રાત્રે પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર ડાંગ જિલ્લામા સૌથી વધુ મતદાન ધુલચોંડ ગામે ૯૫.૨૮ ટકા, જયારે સૌથી ઓછુ મતદાન સાપુતારા મતદાન મથકે ૪૪.૯૪ ટકા નોંધવા પામ્યુ છે. તાલુકાવાર જોઈએ તો અહી આહવા તાલુકામા ધુલચોંડ ગામે ૯૫.૨૮ ટકા, જયારે સૌથી ઓછુ મતદાન સાપુતારા મતદાન મથકે ૪૪.૯૪ ટકા નોંધવા પામ્યુ છે. આમ, આહવા તાલુકામા કુલ ૭૩.૩૪ ટકા મતદાન થયું છે. તેજ રીતે વઘઈ તાલુકામા સૌથી વધુ વાંકન ગામે ૯૪.૭૯ ટકા, અને સૌથી ઓછુ વઘઈ-૩ મથકે ૬૩.૯૭ ટકા સાથે તાલુકામા કુલ ૮૧.૦૩ ટકા, અને સુબીર તાલુકામા સૌથી વધુ મતદાન ધાનીઆમ્બા ગામે ૮૯.૭૧ ટકા, અને સૌથી ઓછુ મતદાન ઉગા ગામે ૪૯.૬૫ ટકા નોંધાવા સાથે તાલુકામા કુલ ૭૨.૬૫ ટકા મતદાન નોંધાયુ છે.આમ, ડાંગ જિલ્લામા ૭૪ ટકા બુથ વોટીંગ અને ૬૧૫ ઈ.ડી.સી. મત સાથે કુલ ૭૫.૦૧ ટકા મતદાન નોંધાતા ૯ જેટલા હરીફ ઉમેદવારોનુ ભાવી ઈ.વિ.એમ.મા સીલ થવા પામ્યુ છે. ઈ.ડી.સી. (ઈલેક્શન ડ્યુટી સર્ટીફીકેટ) મત સહીત આ અગાઉ ડાંગ જિલ્લાની આ ચૂંટણી માટે ગત તા.૨૪/૧૦/૨૦૨૦ના રોજ યોજાયેલ ફરજપરના પોલીસ સ્ટાફ સહિતના જવાનોએ પણ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યુ હતુ. જેના ૧૦૭૧ મતો તથા ડાંગ જિલ્લાના મતદારો કે જેઓ અન્ય જિલ્લાઓમા નોકરી અર્થે સ્થાયી થયા છે, તેમના દ્વારા પણ પોસ્ટલ બેલેટથી મતદાન કરવામા આવી રહ્યું છે. તથા જિલ્લામા નોંધાયેલા ૩૪ જેટલા સર્વિસ વોટર્સ પણ તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે છે. જે તમામ મતોની ગણતરી આગામી તા.૧૦/૧૧/૨૦૨૦ના રોજ આહવા ખાતે કરવામા આવશે.

"કોરોના" ના કપરા સમયમા યોજાયેલી ડાંગ જિલ્લાની આ પેટા ચૂંટણી માટે જિલ્લા ચૂંટણી તંત્રે ૩૧૧ ગામોમા ૩૫૭ મતદાન મથકો ઉભા કર્યા હતા. જે પૈકી આહવાના આશ્રમ વિદ્યાલય ખાતે એક "આદર્શ મતદાન મથક", અને ભીસ્યા તથા ગોંડલવિહિર ગામે એક એક "સખી મતદાન મથક" ઉભા કરાયા હતા. "કોરોના કાળ" માં સંપૂર્ણ સાવચેતી અને ચોકસાઈ સાથે યોજાયેલી આ ચૂંટણીમા હકારાત્મક સહયોગ આપવા બદલ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એન.કે.ડામોરે જિલ્લાના તમામ અધિકારી, કર્મચારીઓ, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલા જવાનો, જિલ્લાના મતદારો, તથા હરીફ ઉમેદવારો સહીત સંબંધિત સૌ કોઈનો શાંતિપૂર્ણ માહોલમા ચૂંટણી પ્રક્રિયા સંપન્ન કરવા બદલ આભાર વ્યક્ત કર્યો છે.

# છૂટક શ્રમિક તરીકે ગુજરાન ચાલવતા સગર્ભા શીલાબેન નિનામાની મદદે આવી ગુજરાત સરકાર : સીએમ ડેશબોર્ડના માધ્યમથી સૂચના મળતા દાહોદ સ્થિત ઝાયડ્સ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં થઇ વિનામૂલ્યે સોનોગ્રાફી





### છેવાડાના માનવીની પણ રોજબરોજ દરકાર કરતા રાજયના સંવેદનવીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી : સી.એમ.ડેશબોર્ડના માધ્યમ દ્વારા ગરીબ પરિવારોની રોજીદી તકલીફોના સમાધાન માટે સ્વયં ચિંતા કરે છે

કમલમ દૈનિક,

અણીના સમયે મળેલી મદદનો ઉપકાર જીવનપર્યંત ભૂલાતો નથી. એમાંય જો તમને કોઈ શારીરિક તકલીફ થઈ હોય અને તેવા સમયે બનેલા મદદગાર દેવદૂતસમાન લાગે છે. આવું જ કંઈક દાહોદ જિલ્લાના ખરોદા ગામમાં રહેતા શીલાબેન પપ્પુભાઇ નિનામા સાથે બન્યું છે. તેમના માટે સીએમ ડેશ બોર્ડ હમદર્દ બન્યું અને આ ઘટના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની રાજ્ય સરકારની સંવેદનશીલતાની પરિચાયક બની. રાજયના ગરીબ-મધ્યમ વર્ગના નાગરિકોની રોજીંદી તકલીફોના નિરાકરણ માટે સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી રોજબરોજ ચિંતા કરીને તેનુ નિરાકરણ કરવા માટે તેમના નિવાસસ્થાને સી.એમ.ડેશબોર્ડ કાર્યરત કર્યુ છે જેનું તેઓ સતત મોનીટરીગ કરીને દિનદુખીયાના આંસુ લૂછવાનુ માનવીય કામ કરી રહ્યા છે. ગરીબ પરિવારો માટે ડેશબોર્ડ સાચા અર્થમા હમદર્દ પુરવાર થઈ રહ્યુ છે.મૂળ વાત એમ છે કે, થોડા દિવસો પૂર્વે શીલાબેન તેમના પતિ સાથે મુસાફરી કરતા હતા. સાતમો માસ જતો હતો પણ, આ સામાજિક પ્રવાસ ટાળી શકાય એવો નહોતો. એટલે નાછૂટકે જવું પડ્યું. હવે થયું એવું કે આ પ્રવાસના કારણે તેમને દુ:ખાવો ઉપડ્યો. તેમને તાત્કાલીક દવાખાને ખસેડવા પડ્યા. ડોક્ટરે તેમની સ્થિતિને ધ્યાને રાખી દવા તો આપી પણ, ગર્ભાવસ્થા હોવાથી વધુ તપાસ કરવા માટે સોનોગ્રાફી કરાવવાની સલાહ આપી. સોનોગ્રાફી કરવી ખૂબ જ જરૂરી હતી. શીલાબેનના પતિ છૂટક શ્રમકાર્ય કરીને પોતાનું ગુજરાન ચલાવે છે.

રોજનું કમાઈ રોજનું જમવાનું એવી સ્થિતિ. આવા સંજોગોમાં શીલાબેનને ખાનગી સેન્ટરમાં સોનોગ્રાફી કરાવવી આર્થિક રીતે પોસાય એમ નહોતું. તેઓ દાહોદ સ્થિત ઝાયડ્સ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સોનોગ્રાફી કરાવવા માટે ગયા તો ત્યાં બે દિવસ પછી વારો આવે એમ હતો. એટલે શીલાબેનને રડમસ ચહેરે ઘરે પરત આવવું પડ્યું. હવે થયું એવું કે, શીલાબેનને સોનોગ્રાફી કરાવવાની વાત સીએમ ડેશ બોર્ડના માધ્યમથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના કાર્યાલયના ધ્યાને આવી. આરોગ્ય સેવાને સુદ્રઢ બનાવવા માટે સતત પ્રયત્નશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આવી બાબત તુરંત સંલગ્ન તંત્રને ધ્યાને લાવવા સૂચના આપી છે.

એથી ઝાયડ્સ હોસ્પિટલમાં ગાંધીનગરથી ફોન આવ્યો અને શીલાબેનની તુરંત સોનોગ્રાફી કરવાની સૂચના આપવામાં આવી. શીલાબેનને હોસ્પિટલે બોલાવવામાં આવ્યા અને તેની સોનોગ્રાફી કરાવવામાં આવી. સીએમ ડેશ બોર્ડ તેમના માટે હમદર્દ બન્યું. સાથે, સરકારના ખર્ચે સારવાર પણ કરાવવામાં આવી. જેમાં આયર્નની ગોળી સહિતની દવાઓ પણ આપવામાં આવી.

શીલાબેન કહે છે કે, તેમને સપનેય ખ્યાલ નહોતો કે અમારા પર ગાંધીનગરથી ફોન આવશે અને તુરંત સોનોગ્રાફી કરાવવામાં આવશે. મારી આવી દરકાર રાખવા બદલ હું મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું.

# મંત્રીશ્રીઓ સાથે પરામર્શ કરવા માટે ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યોશ્રીઓની સ્થાયી પરામર્શ સમિતીમાં સુધારો કરાયો

કમલમ દૈનિક,

રાજ્યમાં મંત્રીશ્રીઓને પોત-પોતાના વહિવટી ક્ષેત્રમાં નીતિના અમલને લગતી બાબતોમાં વિચાર-વિનિમય કરવા માટે કેબિનેટ કક્ષાના મંત્રીશ્રીઓ તેમજ સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્યકક્ષાનાના મંત્રીશ્રીઓના અધ્યક્ષે ધારાસભ્યોની ૧૫ સભ્યોની સ્થાયી પરામર્શ સમિતીની રચના કરાઈ છે જેમાં રાજ્યના સાંસદ સભ્યશ્રીઓને આમંત્રિત સભ્ય તરીકે નિમણૂક આપવામાં આવી છે એમ વૈધાનિક અને સંસદિય બાબતોના વિભાગના ઠરાવમાં જણાવાયું છે. સ્થાયી પરમાર્શ સમિતિમાં સુધારો કરાયો છે જેમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષે રચાયેલી પરામર્શ સમિતિમાં સાંસદ શ્રી નરહરી હિરાભાઈ અમિન, નાયબ મુખ્યમંત્રીશ્રી અને મંત્રી શ્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષે રચાયેલી સમિતિમાં સાંસદ શ્રી અભયભાઈ ગણપત ભાઈ ભારદ્વાજ અને મંત્રી શ્રી જયેશકુમાર વિઠ્ઠલભાઈ રાદડિયાના અધ્યક્ષે રચાયેલી સમિતિમાં સાંસદ શ્રીમતી રમિલાબેન બેચરભાઈ બારાની અને મંત્રી શ્રી દિલીપકુમાર વિરાજીભાઈ ઠાકોરના અધ્યક્ષે રચાયેલી સમિતિમાં શ્રી શક્તિસિંહજી હરિચંદ્રસિંહજી ગોહિલની નિમણૂક કરવામાં આવી છે તેમ વધુમાં જણાવાયું છે.

# દસ નવી અત્યાધુનિક બાઈકો સાથે હાઇ વે પર બાજ નજર રાખશે દાહોદ જિલ્લા પોલીસ









### હાઈવે પર નાઈટ પેટ્રોલીંગની કામગીરી વધુ ચુસ્ત બનાવવા દસ અત્યાધુનિક બાઈકોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા જિલ્લા પોલીસ વડા શ્રી હિતેશ જોયસર

કમલમ દૈનિક, દાહોદ

દાહોદના હાઈ વે પર નાઈટ પેટ્રોલીંગની કામગીરી હવે વધુ ચુસ્ત બની છે. જિલ્લા પોલીસ વડા શ્રી હિતેશ જોયસરે આજ રોજ ખંગેલા ચેક પોસ્ટ ખાતેથી ૧૦ નવી અત્યાધુનિક બાઈકોને લીલી ઝંડી આપી છે. આ ઉપરાંત પાંચ બાઈકો દાહોદ શહેરની સુરક્ષા વધુ સઘન બનાવવા માટે ટાઉન પોલીસને ફાળવવામાં આવી છે. આ પ્રસંગે એએસપી સુ શ્રી શૈફાલી બારવાલે પણ બાઈકોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે પોલીસ વડા શ્રી હિતેશ જોયસરે જણાવ્યું કે, દાહોદ જિલ્લા પોલીસ દ્વારા દાહોદ ઈન્દોર હાઈવે પરનો સુરક્ષા બંદોબસ્ત વધુ સઘન બનાવવામાં આવ્યો છે. પરિણામે હાઈવે પરની ચોરી-લૂટફાંટની ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો છે. હાઈવે પર નવ પોલીસ સહાયતા કેન્દ્ર પર પોલીસકર્મી ચોવીસે કલાક ખડેપગે ફરજ બજાવી રહ્યાં છે. રાતે પસાર થતાં મુસાફરોને કોઈ પણ પ્રકારની સહાય અને સુરક્ષા માટે તેઓ પ્રતિબદ્ધ છે. રાત્રી દરમિયાન પોલીસની ૧૦ ગાડીઓ સતત પેટ્રોલીગ દ્વારા હાઈવે પર બાજ નજર રાખે છે. ત્યારે અત્યાધુનિક ૧૦ બાઈકો સાથે હાઈ વે પરની સુરક્ષાને વધુ સઘન બનાવવામાં આવી છે. કલેક્ટર શ્રી વિજય ખરાડીએ આ માટે જરૂરી ગ્રાંન્ટની ફાળવણી કરી હતી. પંચમહાલ પોલીસ રેન્જ આઈ.જી. શ્રી એમ.એસ. ભરાડાએ હાઈ વે પરની સુરક્ષાને અગત્યની પ્રાથમિકતા ગણી પ્રાધાન્ય આપવા જણાવ્યું છે. ત્યારે ભવિષ્યમાં હાઈ વે પરની સુરક્ષા હજુ પણ વધુ અત્યાધુનિક સાધનો સાથે સજજ કરવામાં આવશે. હાઈ વે પર મદદ માટે કોઈ પણ નાગરિક હેલ્પ લાઈન નં. ૮૭૮૦૩૯૦૩૯૭ પર ફોન કરી શકે છે. આ પ્રસંગે લીમખેડા ડીવાયએસપી સુ શ્રી કાનન દેસાઈ, ડીવાયએસપી શ્રી સોલંકી સહિતના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# બીમા લોકપાલ કાર્યાલય દ્વારા "બીમા લોકપાલ દિવસ" ની ઉજવણી કરવામાં આવશે

**બીમા લોકપાલ કાર્યાલયોને ૩૮,૫૩૮ ફરિયાદો મળી હતી જેમાંથી ૨૯,૮૧૬ ફરિયાદોનું નિવારણ કરાયું જે ૭૭.૩૭% જેટલું છે.**

કમલમ દૈનિક,

બીમા લોકપાલ સંસ્થાની સ્થાપનાના પદ ચિન્હ તરીકે દર વર્ષે ૧૧ નવેમ્બરે "બીમા લોકપાલ દિવસ" ઉજવવામાં આવે છે. ૧૯૯૮ના આ દિવસે ભારત સરકારે "જાહેર ફરિયાદ નિવારણ નિયમો" સૂચિત કર્યા હતા. બીમા લોકપાલ એ અર્ધ ન્યાયિક ફરિયાદ નિવારણ તંત્ર છે જે વીમેદારની જીવન વીમા કે સામાન્ય વીમા કંપનીઓ સામેની ફરિયાદોનું નિવારણ કરે છે. તેનો મુખ્ય ઉદ્દેશ વીમા અંગેની ફરિયાદોનું વ્યાજબી, કાર્યક્ષમ અને નિષ્પક્ષ રીતે નિવારણ લાવવાનું છે. ૨૦૧૭માં ભારત સરકારે "ઈન્શ્યોરન્સ ઓમ્બડ્સમેન રુલ્સ ૨૦૧૭"ના નવા નિયમો સૂચિત કર્યા. આ નવા નિયમોનો હેતુ વ્યક્તિગત વીમા, જૂથ વીમા, સંપૂર્ણ માલિકી હક ધરાવનાર કે સૂક્ષ્મ સાહસ ધરાવનારાઓની વીમા કંપનીઓ, તેમના એજન્ટો કે વચેટિયાઓ સામેની ફરિયાદોનો વ્યાજબી અને નિષ્પક્ષ રીતે નિવારણકરવાનોછે."એક્ઝીક્યુટીવ કાઉન્સિલ ઓફ ઈન્સ્યુરર્સ" જે પહેલાં "ગવર્નિંગ બોડી ઓફ ઈન્શ્યોરન્સ કાઉન્સિલ" તરીકે ઓળખાતી હતી તેની સ્થાપના બીમા લોકપાલ કાર્યાલયોને વહીવટી આધાર પૂરો પાડવા કરવામાં આવેલ છે. આજની તારીખ સમગ્ર ભારત દેશમાં ૧૭ બીમા લોકપાલ કાર્યાલયો આવેલા છે. અમદાવાદ, બેંગ્લુરુ, ભોપાલ, ભુવનેશ્વર, ચંદીગઢ, ચેન્નાઈ, દિલ્હી,એર્નાકુલમ, ગુવાહાટી, હૈદરાબાદ, જયપુર, કોલકાતા, લખનૌ, મુંબઈ, નોઈડા, પટના અને પુના ખાતે સ્થિત છે. જીવન વીમા, સામાન્ય વીમા કે આરોગ્ય વીમા કંપનીઓ સામે વ્યથિત વિમેદારોની ફરિયાદોનું નિવારણ કરવા માટે બીમાલોકપાલકોઈપણફી (નિઃશુલ્ક સેવા)લેતાનથી.નાણાકીયવર્ષ૨૦૧૯-૨૦દરમિયાન સમગ્ર દેશની બધી જ બીમા લોકપાલ કાર્યોલયોને ૩૮,૫૩૮ ફરિયાદો મળી હતી. જેમાંથી ૨૯,૮૧૬ ફરિયાદોનું નિવારણ કરેલ છે. જે ૭૭.૩૭% છે. અત્યારની દેશવ્યાપી કોરોના મહામારીની પરિસ્થિતિ હોવા છતાં પણ બીમા લોકપાલ કાર્યાલયોએ સખત પ્રયાસો કરી ઓનલાઈન સુનાવણી કરી ફરિયાદોનું નિવારણ કરેલ છે. અમારા નિષ્ઠાપૂર્વકના પ્રયાસો છે કે બીમા લોકપાલ અંગેની જાગૃતિનો ફેલાવો થાય જેથી વ્યથિત વીમેદારોની ફરિયાદોનું વધુમાં વધુ નિવારણ થઈ શકે. એમ બીમા લોકપાલ, અમદાવાદની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રાજ્યમાં શાળા કોલેજોમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરવા બે-ત્રણ દિવસમાં SOP જાહેર કરાશે : શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

**મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી સાથે પરામર્શ કર્યા બાદ યોગ્ય નિર્ણય લેવાશે**



કમલમ દૈનિક,

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ છે કે, આગામી સમયમાં રાજ્યની શાળા-કોલેજોમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરવા માટે બે-ત્રણ દિવસમાં SOP જાહેર કરીને યોગ્ય નિર્ણય કરાશે. મંત્રીશ્રી ચુડાસમાએ ઉમેર્યુ કે, રાજ્યમાં શાળા-કોલેજોમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરવા માટે ગઈકાલે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષે મળેલ રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં યોગ્ય ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભે SOP બનાવવા માટે સુચના આપી હતી. જેના અનુસંધાને આજે શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી છે અને SOP બનાવવા માટેની સુચના આપી દેવાઈ છે જે આગામી બે-ત્રણ દિવસમાં બનાવી દેવાશે. વિવિધ યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરો સાથે પણ ઓનલાઈન ચર્ચા વિચારણા કર્યા બાદ યોગ્ય નિર્ણય કરાશે. મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, ધોરણ ૯ થી ૧૨માં શૈક્ષણિક કાર્ય શરૂ કરવા માટે પણ ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક SOP બનાવવા માટે પણ સુચનાઓ આપી દેવાઈ છે. તેમણે ઉમેર્યુકે SOP તૈયાર થયા બાદ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ સહિત આરોગ્ય વિભાગના સંકલનમાં રહીને શાળા-કોલેજોમાં શૈક્ષણિક કાર્ય ક્યારથી શરૂ કરવું એ અંગે યોગ્ય નિર્ણય રાજ્ય સરકાર કરશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ભારત સરકાર દ્વારા શ્રેષ્ઠ સેવાઓ અને ગુણવત્તા જાળવવા માટેનું NQAS સર્ટીફીકેટ મળ્યું.



કમલમ દૈનિક, અરવલ્લી

ભારત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ મંત્રાલય ન્યુ દિલ્હી દ્વારા સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ફતેપુર ખાતેના અમીચંદભાઈ હીરાભાઈ પટેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ અને ગુણવત્તા જાળવવા માટેની અતિસુંદર આરોગ્યલક્ષી સેવાઓ બદલ અને ગુણવત્તા જાળવવા માટેનું સર્ટિફિકેટ કેન્દ્ર દ્વારા સાબરકાંઠા જિલ્લામાં માત્ર ફતેપુર કેન્દ્રને આપવામાં આવ્યું છે.સાબરકાઠા જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.રાજેશ પટેલના કુશળ માર્ગદર્શન હેઠળ ફતેપુર આરોગ્ય કેન્દ્રના અગાઉના મેડિકલ ઓફિસર ડૉ.નિશિત શાહ,મેડિકલ ઓફિસર ડૉ.પાર્થ પટેલ,ડૉ.તસ્લિમ મેમણ અને ડૉ.પ્રશાંત ભીમાણી અને તેમની ટીમે આરોગ્ય લક્ષી તમામ સેવાઓ અને આરોગ્ય કેન્દ્રની વિવિધ સંભાળ આરોગ્ય મંત્રાલયની ગાઈડ લાઈન પ્રમાણે કરતાં કેન્દ્રની ટીમે વર્ચ્યુઅલ મોનીટરીંગ કરતા કામગીરીની વિવિધ બાબતોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી અને તુલનાત્મક અભ્યાસ બાદ શ્રેષ્ઠ કામગીરી માલુમ પડતાં સતત ત્રીજા વર્ષે પણ ફતેપુર આરોગ્ય કેન્દ્રને શ્રેષ્ઠ આરોગ્યની ગુણવત્તા સભર કામગીરી નું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે અને આ તમામ શ્રેય ડૉ.નિશિત શાહ,મેડિકલ ઓફિસરની કામગીરી અને ટીમની કામગીરીને ફાળે યશ મળતાં જિલ્લા પંચાયત ના જિલ્લા વિકાસ અધિકારી ડૉ.રાજેન્દ્ર પટેલ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.રાજેશ પટેલ સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન અને આરોગ્ય કેન્દ્ર જમીનના દાતા મહેશભાઈ પટેલ, માજીમંત્રી જયસિંહ ચૌહાણ ,માજી ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સરપંચ શ્રીમતી તારાબેન બારૈયા,રમનસિંહ બારૈયા,પ્રાંતિજ તાલુકા ઈ.તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એ.એચ.સોલંકી,ડૉ.આર.કે.યાદવ ફતેપુર આરોગ્ય કેન્દ્રની ટિમ સહિત તમામ કર્મચારીઓ ને અભિનંદન આપ્યા હતા.

# દેવગઢ બારીયાના અંતરિયાળ ગામોમાં ૧૫ કરોડથી વધુના ખર્ચે પાકા રસ્તાઓની કામગીરીનો આરંભ કરાવતા રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડ

**દેવગઢ બારીયાના વિવિધ ગામોમાં ૧૫૭૬.૫૦ લાખના ખર્ચે ૨૮.૩૮ કિ.મી.ના પાકા રસ્તાઓની કામગીરીનો શુભારંભ**






**કોઈ પણ ગામના વિકાસ માટે પાકા રસ્તા પ્રથમ જરૂરીયાત હોવાનું જણાવતા રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડ**

કમલમ દૈનિક, દાહોદ,

દાહોદ જિલ્લાના અંતરિયાળ ગામોમાં ૧૫ કરોડથી વધુના ખર્ચે ૨૮.૩૮ કિ.મી.ના પાકા રસ્તાની કામગીરીનો આરંભ રાજયમંત્રી શ્રી બચુભાઈ ખાબડે દેવગઢ બારીયાના ટીડકી ગામથી ખાતમુહૂર્ત કરાવીને કર્યો છે. ઉપરાંત તેમણે ઝાબીયા, મોટી ખજૂરી, અંતેલા, હીન્દોલીયા અને અસાયડી ગામ ખાતે પણ પાકા રસ્તા બનાવવાની કામગીરીનો આજે શુભારંભ કરાવ્યો છે. દેવગઢ બારીયાના વિવિધ ગામોમાં ૧૫૭૬.૫૦ લાખના ખર્ચે ૨૮.૩૮ કિ.મી.ના પાકા રસ્તાઓની કામગીરીનું મંત્રી શ્રી ખાબડે ખાતમુહૂર્ત કર્યુ હતું. રાજય મંત્રી શ્રી બચુભાઈ ખાબડે આ પ્રસંગે જણાવ્યું હતુ કે, કોઈ પણ ગામના વિકાસ કરવો હોય તો રસ્તો એ પ્રથમ જરૂરીયાત છે. જે ગામમાં પાકા રસ્તા નથી હોતા તેઓનો વિકાસ થઈ શકતો નથી. ગામોના વિકાસ માટે સરપંચની જાગૃકતા અને સક્રિયતા પણ એટલી જ મહત્વની છે. રાજય સરકારે દરેક ક્ષેત્રે વિકાસની નવી ક્ષિતિજો સર કરી છે ત્યારે છેવાડાના ગામોના વિકાસને સરકારે હંમેશા પ્રથમ પ્રાથમિકતા આપી છે. તેમણે ઉમેર્યુ કે, આજ રોજ દેવગઢ બારીયાના વિવિધ અંતરિયાળ ગામો જયાં પાકા રસ્તાની તાતી જરૂરીયાત હતી ત્યાં નવા પાકા રસ્તાઓની કામગીરીનો ખાતમુહૂર્ત કરી આરંભ કરીએ છીએ. જે ૬ ગામોમાં આજે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે તેમાં ટીડકી ગામના બે રસ્તાઓ બે કી.મી. અને ૩.૫૦ કી.મી.ની લંબાઈના અનુક્રમે ૧ કરોડ તથા ૭૦ લાખના ખર્ચે, ઝાબીયા ગામમાં ૧.૨૦ કી.મી.ની લંબાઈનો એક રસ્તો ૩૯.૪૩ લાખના ખર્ચે, મોટી ખજૂરી ગામમાં બે રસ્તાઓ ૦.૬૦ અને ૭ કી.મી.નાં અનુક્રમે ૪૦ લાખ અને ૩.૫ કરોડના ખર્ચે, અંતેલા ગામમાં ૧.૬૩ કી.મી. અને પાંચ કી.મી. ના બે રસ્તાઓ અનુક્રમે ૩૦.૯૭ લાખ અને ૩૯૩.૨૧ લાખના ખર્ચે, હીન્દોલીયા ગામમાં ૧.૮૫ કી.મી.નો એક રસ્તો ૭૫ લાખના ખર્ચે, અસાયડી ગામમાં ૫.૬૦ કી.મી. નો એક રસ્તો ૪૭૭.૮૯ લાખના ખર્ચે બનાવવામાં આવશે. આ પાકા રસ્તાઓ બનવાથી ગામનો વિકાસ ઝડપી થશે. રાજય સરકારે દાહોદ જિલ્લાના વિકાસને હંમેશા પ્રાથમિકતા આપી છે. રાજય સરકારે ખેડૂતોને સિંચાઈ માટે થ્રી ફેઈઝ વીજળી દિવસે પણ આઠ કલાક મળે તે માટેની યોજનાની શરૂઆત દાહોદ જિલ્લાથી કરી છે અને જિલ્લાના ખેડૂતોને દિવસે વિજળી મળતાં મોટી રાહત મળી છે.

ખૂબ નજીકના ભવિષ્યમાં સિંચાઈની યોજનાઓ, ઘરે ઘરે પીવાના પાણી મળે તે માટેની યોજનાઓ પણ સાકાર થશે અને જિલ્લામાં લોકોને તેના લાભ મળતા થશે. કાર્યક્રમમાં જિલ્લાના અગ્રણી શ્રી અમરસિંહ રાઠવા, શ્રી કરણસિંહ, શ્રી સરદારસિંગ ઉપરાંત દેવગઢ બારીયાના પંચાયત પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી પ્રતિક સોની, ગામના સરપંચશ્રી, આંગેવાનો, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# પાકિસ્તાન યાદ રાખી લે પીઓકે ભારતનું છે અને હંમેશા રહેશે: રાજનાથસિંહનો હૂંકાર



પૂર્ણિયા,તા.૫

બિહાર વિધાનસભા ચૂંટણીના ત્રીજા ચરણના પ્રચારના છેલ્લા દિવસે રક્ષામંત્રી રાજનાથ સિંહએ પૂર્ણિયાના ધમદાહામાં જેડીયૂના ઉમેદવાર લેસી સિંહની ચૂંટણી સભાને સંબોધિત કરી હતી. આ પ્રસંગે રાજનાથ સિંહે પાકિસ્તાન પર જોરદાર શાબ્દિક પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે પાકિસ્તાને તે વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે પીઓકે ભારતનું હતું અને આજે પણ અમે પીઓકને ભારતનો જ ભાગ માનીએ છીએ. અને આગળ પણ પીઓકે ભારતનું જ રહેશે.

રાજનાથ સિંહે કહ્યું કે હવે તો પાકિસ્તાનની સાંસદમાં પણ તે વાતની ચર્ચા થઈ ગઈ છે કે પાકિસ્તાનમાં ભારતને લઈને કેવી રીતનો ડર હતો કે તેમણે પાયલટ અભિનંદન વર્ધમાનને જેમણે તેને પકડી હતો તેણે પણ છોડી દીધો હતો. તેમણે ફરી એક વાર પાકિસ્તાની સાંસદમાં જે વાત થઈ હતી તેને જણાવી હતી. જેમાં પાકિસ્તાની સાંસદે કહ્યું કે જો અમે અભિનંદનને નહીં છોડતા તો ભારત નવ વાગે અમારી પર હુમલો કરી દેતું.

કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે આ પ્રસંગે પૂર્વ લદાખમાં ચીન સાથે ચાલી રહેલા ગતિરોધ મામલે પણ લોકો ને જાણકારી આપી. તેમણે કહ્યું કે દેશની સેના જે રીતે જે શૌર્ય અને પરાક્રમનો પરિચય આપ્યો છે. તેનાથી ચીનની પણ સેના ડરેલી છે. તેવામાં આપણા બહાદૂર જવાનો દુશ્મનોને પાછળ ધકેલી આપણી સીમાઓની રક્ષા કરતા સીમા પર અડગ ઊભા છે. આપણે આ સમયે એકજૂટ થઈને આપણી સેનાનું સમર્થન કરવું જોઈએ. રાજનાથ સિંહે કહ્યું કે તેમ છતાં તેવા અનેક નેતા છે જે સતત ભારતીય સેના અને બહાદૂર જવાનોના શૌર્યનો તમાશો બનાવી રહ્યા છે.

તેમણે વધુ કહ્યું કે સ્વાભિમાનની રાજનીતિ હોવી જોઈએ અને જનતાની આંખામાં ધૂળ નાખવાનું કામ રાજનીતિ દ્વારા ના થવું જોઈએ. તેમણે કહ્યું કે હવે સમય આવી ગયો છે કે આંખમાં આંખ નાંખીને આપણે રાજનીતિ કરીએ. ભારતે હાલના દિવસોમાં જે રીતે વિશ્વ ફલક પર પોતાની ઓળખ બનાવી છે તેનાથી દુનિયાને પણ ભારતની તાકાત ખબર પડી છે.

# કામગીરી ચાંદટેકરી વિસ્તારમાં ઘરને કોર્ડન કરી કુખ્યાત પશુ ચોરને દબોચ્યો,૨૦ થી વધુ ચોરીમાં હતો વોન્ટેડ

**અરવલ્લી લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસની કાબેલિયત દાદભરી**



કમલમ દૈનિક, અરવલ્લી

નવનિયુક્ત ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને અરવલ્લી એસપી સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં પ્રોહિબિશનની શખ્ત કાર્યવાહી,ચોરી લૂંટના વણઉકેલ્યા ગુન્હાનોનો ઝડપથી ભેદ ઉકેલાઈ રહ્યો છે મોડાસા નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલા અને પશુ તસ્કરીમાં બદનામ થયેલ ચાંદ ટેકરી વિસ્તારમાં એકલ દોકલ પોલીસ જીપમાં રેડ કરવી ઉચીત ન હોવાનું ખુદ પોલીસ તંત્ર માની રહ્યું છે ત્યારે અરવલ્લી એલસીબી પોલીસે ચાંદટેકરીના કુખ્યાત પશુ ચોર અને ઘરફોડ ચોરીના આરોપી આરીફ ખ્યાલી બુલાખી મુલતાનીને ઘરેથી ઉઠાવી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. અરવલ્લી ડીવાયએસપી ભરત બસિયાના માર્ગદર્શન હેઠળ અરવલ્લી એલસીબી પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમે ઉત્તર ગુજરાતમાં તરખાટ મચાવનાર પશુ ચોરી અને ઘરફોડ ચોરી કરતી ગેંગનો મુખિયા અને પશુઓને ગણતરીના સેકન્ડમાં ઉઠાવી વાહનમાં નાખી દેતા આરીફ ખ્યાલી બુલાખી મુલતાની ઘરે હોવાની બાતમી મળતા એલસીબી પોલીસે ચાંદટેકરી વિસ્તારમાં રેડ કરી આરીફ ખ્યાલી મુલતાનીના ઘરને કોર્ડન કરી ઉંઘતો ઝડપી લીધો હતો કુખ્યાત પશુ ચોર આરીફ ખ્યાલી મુલતાની સામે ઉત્તર ગુજરાતના વિવિધ પોલીસ સ્ટેશનમાં ૧૧ જેટલા પશુ ચોરી અને ઘરફોડ ચોરીના ગુન્હામાં નોંધાયેલા હોવાનું બહાર આવ્યું હતુ

**ગૃહમંત્રી અમિત શાહ બે દિવસના ચૂંટણીલક્ષી પશ્ચિમ બંગાળના પ્રવાસે**

# મમતા બેનરજીની અત્યાચારી સરકારનો મૃત્યુઘંટ વાગી ગયો છે: શાહ

**મમતાદીદીએ કેન્દ્રની ૮૦થી વધુ યોજનાઓ રોકી રાખી છે, ભાજપ બે તૃત્યાંશથી બહુમતી સરકાર બનવા જઈ રહી છે, આજે શાહ મટુઆ સમુદાયના પરિવાર સાથે ભોજન કરશે**



કોલકાત્તા,તા.૫

ગૃહ મંત્રી અમિત શાહના પશ્ચિમ બંગાળના પ્રવાસની શરૂઆત થઈ ચૂકી છે. ખાસ વાત એ છે કે ગૃહ મંત્રીના આ પ્રવાસને આવતા વર્ષે રાજ્યમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીની તૈયારીની શરૂઆત માનવામાં આવી રહી છે. અમિત શાહે પહેલા દિવસે બિરસા મુંડાની મૂર્તિને પુષ્પાંજલિ અર્પીત કરી. આ દરમિયાન તેઓએ મમતા સરકાર પર ગરીબો સુધી યોજનાઓનો ફાયદો નહીં પહોંચાડવાનો આરોપ લગાવ્યો. આ પ્રવાસ દરમિયાન અમિત શાહ ચતુર્ડિહી ગામ જશે, જ્યાં તેઓ આદિવાસી પરિવારને ત્યાં ભોજન લેશે. શુક્રવારે પણ અમિત શાહ મટુઆ સમુદાયના પરિવાર સાથે ભોજન કરશે.

બિરસા મુંડાની મૂર્તિને પુષ્પાંજલિ કર્યા બાદ અમિત શાહે કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં મમતા સરકારની વિરુદ્ધ લોકોમાં નારાજગી છે. જે રીતે દમન ચક્ર બીજેપી કાર્યકર્તાઓ ઉપર મમતા સરકારે ચલાવ્યું છે, હું નિશ્ચિત રીતે જોઈ રહ્યો છું કે મમતા સરકારનો મૃત્યુઘંટ વાગી ગયો છે. આવનારા દિવસોમાં અહીં બીજેપીની બે-તૃતીયાંશ બહુમતની સરકાર બનવા જઈ રહી છે.

અમિત શાહે કહ્યું કે, બંગાળના યુવાનોને નોકરી મળી રહે તે માટે અને બંગાળના ગરીબોને ગરીબીમાંથી બહાર કાઢવા માટે મમતા સરકારે ઉખાડીને ફેંકી દો. બંગાળમાં ભાજપને એક વખત અવસર તો આપો. જો અહીં ભાજપને ચૂંટી લાવશો તો અમે આવનારા દિવસોમાં વડાપ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ શાનદાર બાંગ્લા દેશની રચના કરવા માટેના શક્ય તેવા તમામ પ્રયત્નો કરીશું.

બાંકુરામાં અમિત શાહે મમતા બેનર્જીની સરકાર ઉપર સવાલ ઉઠાવ્યા. તેઓએ કહ્યું કે, હું લોકોની આંખોમાં પશ્ચિમ બંગાળમાં પરિવર્તનની આશા જોઈ રહ્યો છું. આ બધું માત્ર આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જ શક્ય છે. તેઓએ કહ્યું કે મમતા સરકાર ગરીબો સુધી કેન્દ્ર સરકારની ૮૦થી વધુ સ્કીમોને પહોંચવા નથી દેતી.

કોલકાતા પહોંચ્યા બાદ અમિત શાહ પૂર્વ મિદનાપુરના પટાસપુરના બીજેપી બૂથ ઉપાધ્યક્ષ મદન ઘોરાઈના પરિજનોને મળ્યા. ગૃહ મંત્રીએ આ મુલાકાતની જાણકારી ટ્વીટરના માધ્યમથી આપી છે.

**આગામી વર્ષે બંગાળમાં વિધાનસભા ચૂંટણીઓની તૈયારી**

# અમદાવાદ જિલ્લા શાખા રક્ત એકત્રીકરણ બાબતે દેશમાં પ્રથમ: પટેલ



અમદાવાદ,

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત શાખાનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સમારોહમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રકતદાન અંગે ગુજરાતીઓમાં વધુ ઉત્સાહ અને જાગૃતિ છે. ૫૦ બોટલની જરૂરિયાત સામે ૫૦૦ બોટલ રક્ત એકત્રિત કરી આપનારા આપણાં ગુજરાતમાં કોઈ દર્દી રક્તના અભાવે જીવ ના ગુમાવે તે આપણું લક્ષ્ય છે. તેમણે એવું પણ કહ્યું હતું કે કોરોનાકાળમાં ફેફસાના સંક્રમણ અને અન્ય જટિલતાઓ સામે આવતા ઘણા કિસ્સામાં ફેફસાના પ્રત્યાર્પણની પણ આવશ્યકતા ઉભી થઈ હતી. જેથી આવનારા દિવસોમાં ગુજરાતમાં ફેફસાના પ્રત્યાર્પણ શક્ય બને તે માટે આરોગ્ય વિભાગ માળખું વિકસાવી રહ્યું છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ પ્રસંગે કહ્યું હતું કે ગુજરાત રાજ્ય રક્તદાનમાં દેશભરમાં પ્રથમ છે. ઉપરાંત અંગદાન અને અંગ-પ્રત્યારોપણમાં પણ ગુજરાત મોખરે છે. કિડની ઈન્સ્ટીટયૂટમાં ભારતના સર્વાધિક કિડની ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન થાય છે. હાલમાં જ અમદાવાદમાં બાળહૃદયરોગની હોસ્પિટલનું લોકાર્પણ વડાપ્રધાનના હસ્તે થયું. જેથી રાજ્યમાં હવે નાના બાળકથી લઈને વયોવૃદ્ધ માટે હૃદય પ્રત્યારોપણની સુવિધા અને તેનું આંતરમાળખું સુદ્રઢ બનશે. સિકલસેલ એનેમીયા અને થેલેસેમિયાના દર્દીઓની ઓળખ તથા સારવારના ક્ષેત્રે રેડક્રોસ સોસાયટીની કામગીરી સર્વોત્તમ છે. હોસ્પિટલની વધે, તબીબી સુવિધાઓ વધે ત્યારે રક્તની જરૂરિયાત પણ વધે છે. આવા સમયે રેડક્રોસ સોસાયટીનું યોગદાન અભૂતપૂર્વ રહ્યું છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028